### વાપીમાં દમણગંગા નદી પર રૂ. 159.50 કરોડના ખર્ચે

# વાપીમાં દમણગંગા બેરેજનું કામ શરૂ થશે

**દમણગંગા** બેરેજ યોજના થકી ખેતીમાં સિંચાઇનો લાભ મળશે અને વાપી શહેરની જનતા તથા આસપાસના ઉદ્યોગોને પણ પાણી મળશે

વાપી : વાપીમાં નામધા નજીક દમણગંગા નદી પર બનનારી ‘દમણગંગા બેરેજ યોજના’નું કામ હવે ટૂંક સમયમાં શરૂ થશે. વાપીમાં દમણગંગા નદી પર રૂ. 159.50 કરોડનાં ખર્ચે આ યોજના ઝડપથી આગળ વધી રહી છે અને આ યોજનાની કામગીરી ટૂંક સમયમાં જ શરૂ થશે. દક્ષિણ ગુજરાતનાં આદિજાતિ વિસ્તારમાં આકાર પામનારી આ મહાત્વાકાંક્ષી યોજના થકી વલસાડ જિલ્લામાં સિંચાઈની સુવિધા વધશે. ભૂગર્ભજળ રિચાર્જ થશે અને જળસંચયનું કામ થશે.

વાપીના નામધા ગામ નજીક દમદી પર ‘દમણગંગા બેરેજ યોજના નિર્માણ પામશે. આ સ્થળ હાલના વાપી વિયરથી આશરે 3 કિલોમીટર ડાઉનસ્ટ્રીમમાં આવેલું છે. આ બેરેજ યોજનાની કુલ જળસંગ્રહ ક્ષમતા 5.49 મિલિયન ઘન મીટર (MCM) હશે. વાપી નજીક સૂચિત દમણગંગા બેરેજથી સિંચાઈ અને ભૂગર્ભ જળ રિચાર્જ ઉપરાંત પીવાના પાણીની ઉપલબ્ધતા વધશે. આ ઉપરાંત, ખારાશ નિયંત્રણ અને સામાજિક-આર્થિક વિકાસ સહિત અનેકવિધ લાભો મળશે.





#### વાપીને મળશે શહેરી સુવિધાઓનો લાભ

આ પ્રોજેક્ટથી વાપી શહેરને વ્યાપક શહેરી લાભો મળવાની પણ અપેક્ષા છે. આશરે 2.3 લાખની વસ્તી માટે પીવાના પાણીની સુવિધામાં સુધારો થવા ઉપરાંત પાર્ક અને બોટિંગ વિસ્તાર જેવી મનોરંજન સુવિધાઓ, રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ તથા નદી પર નવા માર્ગ કોરિડોરનું નિર્માણ થઈ શકશે. આથી શહેરની આંતરિક અવરજવરમાં પણ સુધારો થશે. દમણગંગા પ્રોજેક્ટ દક્ષિણ ગુજરાતનાં આર્થિક વિકાસમાં પણ મહત્વનું યોગદાન આપશે.

#### 549 હેક્ટર વિસ્તારમાં સિંચાઈનો લાભ મળશે

આ પ્રોજેક્ટનો મુખ્ય લાભ સિંચાઈ ક્ષેત્રે થશે. દમણગંગા બેરેજથી આશરે 549 હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે. સંગ્રહિત પાણી લિફ્ટ સિંચાઈ વ્યવસ્થા મારફતે ખેડૂતો સુધી પહોંચાડવામાં આવશે. આ યોજનાથી નામધા, ચંડોર, મોહનગામ, એકલહારે, નહુલી અને જાંબુરી એમ છ ગામોને લાભ થશે. પ્રેશરાઇઝ્ડ સિંચાઈ વ્યવસ્થા મારફતે હાલમાં સિંચાઈની સુવિધાથી વંચિત ખેતીલાયક જમીનના નોંધપાત્ર હિસ્સાને તાત્કાલિક લાભ મળી શકશે. ખેતરોમાં સિંચાઈની સુવિધા ઉપલબ્ધ થતાં ખેડૂતોની આવકમાં વધારો થશે. ખેડૂતોને આખુ વર્ષ સિંચાઈ માટે પાણી મળવાથી બે કે તેથી વધુ પાક લઈ શકશે.

#### વાપી માટે ઔદ્યોગિક અને સ્થાનિક પાણીની ઉપલબ્ધતા વધશે

વર્ષ 2024-25નાં આંકડાઓ મુજબ વાપી વિયર મારફતે GIDC-વાપીને ઔદ્યોગિક ઉપયોગ માટે 19 MCM, પાણી પુરવઠા માટે 7.30 MCM અને વાપી પાલિકાને 6 MCM પાણી પૂરું પાડવામાં આવ્યું હતું. તેનાથી કુલ રૂ. 69.15 કરોડની આવક થઈ હતી. સૂચિત બેરેજના કારણે વધારાની સંગ્રહ ક્ષમતા ઊભી થતાં બિન-કૃષિ હેતુઓ માટે પાણીના ઉપયોગમાં વધારો થશે.

## નવરાત્રિનો થનગનાટ



### પારનેરા ડુંગર લાઇટિંગથી ઝળહળ્યો



નવરાત્રિ પર્વએ વલસાડ નજીકના પારનેરા ડુંગર ઉપર મંદિરને આકર્ષક અને રંગબેરંગી લાઇટિંગથી શણગારવામાં આવી હતી. જે રાત્રિના સમયે ખૂબ જ સુંદર લાગી રહી છે. અહીં ડ્રોન દ્વારા ડુંગર ઉપરના દ્રશ્યોના ફોટાઓ લેવામાં આવ્યાં હતાં.

#### પારડી કુમાર શાળા મેદાને પ્રથમ નોરતે ખૈલેયાઓએ બોલાવી રમઝટ

પારડી: પારડી કુમાર શાળા ખાતે ‘જય ઠાકર ગ્રુપ પારડી’ દ્વારા ‘રંગતાળી 2026’ નવરાત્રિ ઉત્સવનો પ્રારંભ વલસાડ જિલ્લા પંચાયતના પ્રમુખ હેતલબેન જીતેશભાઈ પટેલના હસ્તે અંબા માતાજીનું પૂજન અને આરતી કરીને કરવામાં આવ્યો હતો.




૧૦૮ દીવડાની મહાઆરતીમાં જય ઠાકર ગ્રુપના મુખ્ય સંચાલક જયસિંગ ભરવાડ, માજી પ્રમુખ શરદભાઈ દેસાઈ, જૈનીલ દેસાઈ, આશિત દેસાઈ, રાજેશ પટેલ, મેહુલ ભરવાડ તેમજ અન્ય અગ્રણીઓ અને મહાનુભાવો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ ઉત્સવની શરૂઆતમાં પારડી સ્વાધ્યાય મંડળના સંસ્કૃત વિદ્યાલયના આચાર્ય પરેશભાઈ, ભાવેશભાઈ, પાર્થભાઈ અને ઋષિકુમારોએ સામૂહિક રીતે સંસ્કૃત વૈદિક મંત્રોચ્ચાર કરી માતાજીનું ભવ્ય પૂજન અને આરતી કરાવી હતી. નવરાત્રિ ઉત્સવ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પારડીના પોલીસ ઇન્સ્પેક્ટર વાય. બી. ગોહિલ, પીએસઆઈ રાઠોડ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

#### નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ પહેલા નોરતે પૂજા-અર્ચના કરી



વાપી: રોટરી નવરાત્રી થનગનાટ- ૨૦૨૬ માં ગઈકાલે પહેલા નોરતે ગીતો, વાદ્યંત્રકારોના સંગીત અને ખેલૈયાઓનું અદભૂત ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો. નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ, વલસાડ ડિસ્ટ્રિક્ટ કલેક્ટર નીતિન સાંગવાન, વાપી ઇન્ડસ્ટ્રીસ એસોસિયેશનના પ્રમુખ સતિષભાઇ પટેલ, વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષ દેસાઇ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં પૂજા અર્ચના કરવામાં આવી હતી. આવા આયોજન માટે રોટેરીયન ભરતભાઇ પટેલ ચેરમેન થનગનાટ ૨૦૨૬, રોટરી ક્લબ ઓફ વાપીના પ્રમુખ અભય ભટ્ટ, રોટરેક્ટ પ્રમુખ અતુલ સિંગ, રોટરી સેક્રેટરી મુકુન્દ ભાવસાર, સહ ચેરમેન રાકેશ નાયક, દિપેન ગોસરાની અને વીરેન્દ્ર પટેલ, મુન્ના શાહે નવરાત્રિમાં સૌને આવકાર્યા હતાં. આ વર્ષે નવરાત્રિના આયોજન દ્વારા મળેલી રકમમાંથી આરોગ્ય અને શિક્ષણલક્ષી કાર્યક્રમો કરાશે.

#### ધરમપુરના કાકડકૂવા ગામમાં અંબામાતા મંદિરના પટાંગણમાં ગરબાની રમઝટ




ધરમપુર: ધરમપુર તાલુકાના કાકડકુવા ગામમાં અંબા માતા મંદિરના પટાંગણમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રિ પર્વ નિમિત્તે ગરબાની રમઝટ ખેલૈયાઓએ માણી હતી. પહેલાં નોરતામાં અંબા માતાના મંદિરે ગામનાં આગેવાન મનિષ પટેલ તથા ધર્મ પત્ની તથા તા. પંચાયતના સભ્ય આનંદ બારિયા તથા ગામનાં સરપંચ દક્ષાબેન સતિષભાઇ પટેલ, ડેપ્યુટી સરપંચ ઉર્મિલાબેન અરવિંદ અટારા દ્વારા આરતીમાં ભાગ લીધો હતો. બાદ વાંસદાના ગંગપુરના ઓરકેસ્ટ્રા તથા ગાયક કલાકાર દ્વારા અંબા માતાના ગરબા ગવાયા હતા અને લોકોને મંત્રમુગ્ધ કરી દીધાં હતાં.

#### ઉડાન ધ વિંગ્સ ઓફ ટેલેન્ટ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા શેરી ગરબા સ્પર્ધા યોજાઈ



વલસાડ: ઉડાન ધ વિંગ્સ ઓફ ટેલેન્ટ ચેરીટેબલ ટ્રસ્ટ વલસાડ દ્વારા ‘ભારતની દીકરી ભારતનું સ્વાભિમાન તથા સ્વદેશી સંકલ્પ’સૌથી મોટી શેરી ગરબાનું આયોજન થયું હતું. જેમાં 1300 જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો. સ્પર્ધકોમાંથી જે પણ ભાઈઓ કે બહેનોને સંતાનમાં દીકરીઓ હોય તેમને વિશેષ સર્ટિફિકેટથી સન્માનિત કરવામાં આવ્યા હતાં. આયોજક ડો. જાનકી ત્રિવેદીનું દ્રઢપણે માનવું રહ્યું છે કે ગરબા એ ગુજરાતની ઓળખ અને અમૂલ્ય વિરાસત છે. સ્પર્ધાનું ઇનામ વિતરણ કોળી પટેલ સમાજની વાડીમાં ધારાસભ્ય ભરતભાઈ પટેલની ઉપસ્થિત વચ્ચે ટ્રોફી તેમજ રોકડ ઇનામ આપવામાં આવ્યા હતાં. પૂર સમયે રાહત કામગીરી કરનાર ડો. નયનાબેન દેસાઈ તથા ડો. અશોકભાઈ શાહને લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ અપાયો હતો.

# જંબુરીમાં ઘરકંકાસમાં પતિએ પત્નીની હત્યા કરી

**પતિ** કામ ધંધો કરતો ન હોય તે બાબતે હંમેશાં ઝઘડો થતો હતો

ઉમરગામઃ ઉમરગામના જંબુરીમાં પતિ પત્ની વચ્ચે ચાલી રહેલા ઘર કંકાસમાં પતિએ લોખંડની પરાઈ પત્નીના માથામાં મારતા ગંભીર ઈજાના કારણે મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ જંબુરી ગામે છીપાવાડ ફળિયામાં દાજીભાઈ મણીયાભાઈ હળપતિ પત્ની વનિતાબેન સાથે રહે છે. દાજીભાઈ હળપતિ કોઈ કામ ધંધો કરતો ન હોય અને ઘરકામમાં પણ મદદ કરતો ન હોય પતિ પત્ની વચ્ચે હંમેશા બોલાચાલી ઝઘડો થતો રહેતો હતો. રવિવારે તારીખ 11-10-2026 ના રોજ સવારના ચારેક વાગ્યાના સુમારે ઝઘડાનો અવાજ સંભળાતા બાજુમાં જ પરિવાર સાથે રહેતો પુત્ર ફરિયાદી પ્રવીણભાઈ દાજીભાઈ હળપતિ ઘરની બહાર આવી પિતાજીની રૂમનો દરવાજો ખખડાવ્યો હતો. દરવાજો ખોલતા જોયું તો તેની માતા વનિતાબેન જમીન ઉપર નીચે લોહીલુહાણ હાલતમાં પડી હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત બનેલી વનિતાબેન (ઉ.વ.58)ને સારવાર માટે વાપીની જનસેવા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. દરમિયાન સવારે સાડા નવેક વાગ્યાના આસપાસ તેણીનું મોત નીપજવા પામ્યું હતું. ભીલાડ પોલીસે દાજીભાઈ મણીયાભાઈ હળપતિ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# વલસાડની કોલેજમાં ૨૧ વિદ્યાર્થીને પરીક્ષા આપતા અટકાવાતા વિવાદ

**ઓછી** હાજરી હોય તો પરીક્ષામાં બેસવા દેવાય નહીં: ઇનચાર્જ પ્રિન્સિપાલ, કે. એમ. શાહ લો કોલેજ



વલસાડ: વલસાડની નૂતન કેળવણી મંડળ સંચાલિત કે. એમ. શાહ લો કોલેજ ફરી એકવાર મોટા વિવાદના વંટોળમાં સપડાઈ છે. છેલ્લા કેટલાક સમયથી પ્રિન્સિપાલની સત્તા મેળવવા અને વહીવટને લઈને ચાલી રહેલા આંતરિક ડખા વચ્ચે આજે પરિસ્થિતિ વધુ વણસી હતી. જ્યારે એલ.એલ.એમ. સેમેસ્ટરની પરીક્ષા આપી રહેલા ૨૧ જેટલા વિદ્યાર્થીઓને અચાનક પરીક્ષા ખંડમાંથી ઊભા કરી દેવામાં આવ્યાં હતાં.

કોલેજના હાલના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ હેમલતાબેન દ્વારા જણાવવામાં આવ્યું છે કે યુનિવર્સિટીના નિયમ મુજબ જે વિદ્યાર્થીઓની હાજરી ૩૫ ટકા કરતાં ઓછી હોય, તેમને પરીક્ષામાં બેસવા દેવાય નહીં. આ નિયમ હેઠળ જ ઓછી હાજરી ધરાવતા વિદ્યાર્થીઓ સામે આ પગલું ભરવામાં આવ્યું છે. નૂતન કેળવણી મંડળ સંચાલિત આ લો કોલેજમાં એક પછી એક પ્રિન્સિપાલ બદલાયા છતાં વિવાદો શાંત થવાનું નામ લેતાં નથી અને ટ્રસ્ટ પણ આ મામલો થાળે પાડવામાં અસમર્થ સાબિત થઈ રહ્યું હોય તેમ જણાય છે. હાલ તો વિદ્યાર્થીઓના ભવિષ્ય અને હાજરી પત્રકમાં ગેરરીતિના આક્ષેપોને પગલે સમગ્ર કેમ્પસમાં ભારે ગરમાવો વ્યાપી ગયો છે.

#### ગેરહાજર દર્શાવી હેરાન કરાયાઃ વિદ્યાર્થીઓ

બીજી તરફ, આ મામલે વિદ્યાર્થીઓમાં ભારે રોષ ભભૂકી ઊઠ્યો છે. વિદ્યાર્થીઓએ કોલેજ સંચાલન સામે બેવડા અને ગંભીર આક્ષેપો કર્યા છે. વિદ્યાર્થીઓનું કહેવું છે કે, કોલેજમાં ક્વોલિફાઇડ પ્રાધ્યાપકોનો અભાવ છે, જેના કારણે નિયમિત શૈક્ષણિક કાર્ય થતું નથી. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ પાયા વિહોણા આક્ષેપ કર્યો છે કે હાજરી પત્રક (એટેન્ડન્સ રજિસ્ટર)માં છેડછાડ કરવામાં આવી છે અને તેઓ હાજર હોવા છતાં ગેરહાજર દર્શાવીને હેરાન કરવામાં આવી રહ્યા છે.

# બરુમાળના પટેલ ફળિયામાં દીપડાએ બે બકરાં ફાડી ખાધા

**હુમલાની** બે ઘટનાથી પશુપાલકોમાં ફફડાટ, વન વિભાગે પાંજરું મૂક્યું

ધરમપુર: ધરમપુરના બરુમાળ ગામના પટેલ ફળિયામાં દીપડાએ બે બકરાનું મારણ કર્યું હતું. અલગ-અલગ સ્થળોએ દીપડાના હુમલાની ઘટનાઓ સામે આવતાં પશુપાલકોમાં ચિંતા ફેલાઈ છે.

મળતી માહિતી મુજબ, બરુમાળના પટેલ ફળિયામાં બાબુભાઈ જાદવના ઘરે બાંધેલા બકરા પર દીપડાએ હુમલો કરી તેને ફાડી ખાધો હતો. આ ઉપરાંત ફળિયામાં અન્ય સ્થળોએ પણ દીપડાએ બકરા પર હુમલો કર્યો હતો. આ હુમલાઓમાં કુલ બે બકરાનું મારણ થયું હોવાનું જાણવા મળ્યું છે. દીપડાના હુમલાની ઘટનાઓને પગલે ગ્રામજનોમાં ભયનો માહોલ ઊભો થયો છે. ખાસ કરીને પશુપાલકોને રાત્રિના સમયે પોતાના પશુધનની સુરક્ષાની ચિંતા સતાવી રહી છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ગામનાં સરપંચ મિતલ વિજય ગાવિત અને તાલુકા પંચાયતના સભ્ય રમેશ પાડવીએ વન વિભાગનાં આરએફઓ હેતલ ભંડારીને રજૂઆત કરી હતી. તેમણે વિસ્તારમાં દીપડાને પકડવા માટે તાત્કાલિક પાંજરું મુકવાની માંગ કરી હતી. રજૂઆત બાદ વન વિભાગ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારમાં પાંજરું મુકવામાં આવ્યું છે.

#### ગણદેવીના કછોલી ગામે દીપડાએ વાછરડાનો શિકાર કર્યો

બીલીમોરા: રવિવારે સાંજે ગણદેવીનાં કછોલી ગામે ડુંગરી ફળીયાથી ઘમડાછા જતાં વાડી માર્ગ સ્થિત ખેડૂત શૈલેષભાઈ ઠાકોરભાઈ દેસાઈનાં કોઢારમાં દીપડાએ વાછરડાનો શિકાર કર્યો હતો. કોઢારમાંમાં કુલ ૭ જેટલા પશુ હતા. જેના ભાંભરવાનાં અવાજ ને પગલે ખેડૂત પરીવાર એ તપાસ કરતાં દીપડો ભાગી ગયો હતો. વન વિભાગના અધિકારીઓએ રવિવાર રાત્રે પાંજરું ગોઠવ્યું હતું. જેમાં મરઘાનું મારણ મુકી દિપડાને પાંજરે પુરવા તખ્તો તૈયાર કર્યો હતો.

# નાનાપોંઢાના મોટાપોંઢા ગામ સ્થિત તળાવનો મુદ્દો ફરી ગૂંજ્યો

**તળાવ** મુદ્દે તપાસ કરવા ગ્રામજનોએ કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું

વલસાડ: નાનાપોંઢા તાલુકાના મોટાપોંઢા ગામ સ્થિત તળાવમાં થયેલા ખોદકામ, મંજૂર જથ્થો, ગ્રામ પંચાયતના ઠરાવ, ખાણ ખનીજ વિભાગની મંજૂરી, સુજલામ સુફલામ યોજના હેઠળ થયેલી કામગીરીની તટસ્થ તપાસ, સંયુક્ત સ્થળ માપણી તથા જવાબદારી નક્કી કરવા સહિતના મુદ્દે ગામના જાગૃત નાગરિક દ્વારા ગામના બનેલા પ્રતિનિધિ મંડળ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. નોંધનીય છેકે, અગાઉ પણ આ મુદ્દે સી.એમ. ડેસ્કમાં ફરિયાદ થઈ હતી.

મોટાપોંઢાના આગેવાન અરવિંદભાઈ શંકરભાઈ પટેલે મોટી સંખ્યામાં ગ્રામજનોની સહીઓ સાથે આપેલા આવેદનપત્રમાં જણાવ્યા મુજબ, વિક્રમ સવંત 1956ના દુકાળ સમયે તળાવ અસ્તિત્વમાં આવ્યું હોવાનું જણાવાઈ છે. ત્યારથી આજદિન સુધી તળાવ સૂકાયું નથી. તળાવ મુદ્દે આર.ટી.આઈ. હેઠળના જવાબો, દસ્તાવેજોના આધારે ગંભીર બાબતો સામે આવી છે. કુલ 36 એકરના તળાવમાં આશરે 25 એકર વિસ્તારમાં ખોદકામ થયું છે, જ્યારે ખાણ ખનીજ વિભાગમાં આરટીઆઈ દ્વારા માહિતી મુજબ તળાવમાંથી આશરે 65,000 મેટ્રિક ટન જથ્થા માટે મંજૂરી આપવામાં આવી છે, ત્યારે માપણી, ખોદકામ થયેલા વિસ્તાર અને વાસ્તવિક માટીના જથ્થા માટે સુસંગતતા છે કે નહીં તેની અધિકૃત ચકાસણી જરૂરી છે.

#### મંજૂરી કયા ઠરાવ આધારે આપી?

ગ્રામપંચાયત દ્વારા આપવામાં આવેલા ઠરાવની સમય મર્યાદા વર્ષ 2026ના ચાલુ નાણાકીય વર્ષમાં પૂર્ણ થયો હોવા છતાં ખાણ ખનીજ વિભાગ દ્વારા મંજૂરી કયા ઠરાવ આધારે આપી, નવો ઠરાવ કરાયો નથી, નહેર, પાણી પ્રવાહ, તળાવની સલામતીની તપાસ સહિતના મુદ્દાઓનો સમાવેશ કરાયો છે.




# દમણના કેવડી ફળિયામાં ત્રણ ગાળાના મકાનમાં આગ

દમણ: સંઘપ્રદેશ દમણના કેવડી ફળિયામાં આવેલા ત્રણ ગાળાના મકાન પૈકી એક ગાળામાં રેસ્ટોરન્ટ ચાલતું હતું, જ્યારે અન્ય બે ગાળામાં પિતરાઈ ભાઈઓ પોતાના પરિવાર સાથે રહેતા હતા. વહેલી સવારે અચાનક આગ ભભૂકી ઊઠતાં લાકડાના બાંધકામને કારણે આગ ઝડપથી પ્રસરી હતી. ઘટનાની જાણ થતાં સોમનાથ ફાયર વિભાગની પાંચ ટીમો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. ફાયર જવાનોએ પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ માત્ર 15 મિનિટમાં જ આગ પર કાબૂ મેળવી લીધો હતો. જોકે આગના કારણે મકાનમાં રહેલી ઘરવખરી અને અન્ય ઇલેક્ટ્રોનિક્સ સામાનને ભારે નુકસાન પહોંચ્યું હતું.

# પ્રદર્શન પહેલાં જ કોંગ્રેસીઓની અટકાયત

**પ્રજાના** પ્રશ્નો ઉઠાવવાના દાવા વચ્ચે કોંગ્રેસ મેદાનમાં અસરકારક હાજરી નોંધાવવામાં નિષ્ફળ?

**પોલીસની** કાર્યવાહીથી કાર્યક્રમનો ફિયાસ્કો, શૈલેશ પટેલની આંદોલન તેજ કરવાની ચીમકી

નવસારીઃ નવસારીમાં પ્રજાના પ્રશ્નોને લઈને વિરોધ પ્રદર્શન કરવાની તૈયારી કરી રહેલી કોંગ્રેસને કાર્યક્રમ શરૂ થાય તે પહેલાં જ પોલીસની કાર્યવાહીનો સામનો કરવો પડ્યો હતો. કાર્યકરોની અટકાયત થતાં કોંગ્રેસના વિરોધ કાર્યક્રમ પર પાણી ફરી વળ્યું હતું. આ ઘટનાએ સ્થાનિક કોંગ્રેસના આયોજન, સંગઠનાત્મક તૈયારી અને વિરોધની રણનીતિ સામે સવાલો ઊભા કર્યા છે. પ્રજાના પ્રશ્નોને લઈને આક્રમક વલણ અપનાવવાના દાવા કરતી કોંગ્રેસ વિરોધ પ્રદર્શનના મંચ સુધી પહોંચે તે પહેલાં જ અટકાયતના ઘટનાક્રમમાં ઘેરાઈ ગઈ હતી. શહેરમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો અને કાર્યકરોની અટકાયત બાદ કોંગ્રેસનો કાર્યક્રમ અપેક્ષિત રીતે આગળ વધી શક્યો નહોતો. પરિણામે, પ્રજાના પ્રશ્નોને કેન્દ્રમાં રાખીને રાજકીય દબાણ ઊભું કરવાનો પક્ષનો પ્રયાસ કેટલો અસરકારક રહ્યો તે અંગે ચર્ચા શરૂ થઈ છે. કોંગ્રેસના આગેવાન શૈલેશ પટેલે આગામી દિવસોમાં આંદોલન વધુ તેજ બનાવવાની ચીમકી ઉચ્ચારી છે. જો કે બીજી તરફ કોંગ્રેસ મેદાનમાં અસરકારક હાજરી નોંધાવવામાં નિષ્ફળ રહી હોવાની ચર્ચા ઊઠી છે.



#### ધરમપુરમાં કાર્યકર્તાઓ અને પોલીસે વચ્ચે રકઝક

ધરમપુર: ધરમપુરમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ સાથે વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિ અને ધરમપુર તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા પદયાત્રા અને ધરણાં પ્રદર્શનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ધરમપુર નગરપાલિકા નજીક આવેલા આંબેડકર ચોકથી ગાંધીબાગ સુધી પદયાત્રા યોજવાનું આયોજન હતું. જોકે, કૂચ શરૂ થાય તે પહેલાં જ પોલીસે કોંગ્રેસના કાર્યકરોને અટકાયતમાં લેતાં સ્થળ પર પોલીસ અને કાર્યકરો વચ્ચે રકઝકનાં દૃશ્યો સર્જાયાં હતાં. આ કાર્યક્રમમાં વલસાડ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશન પટેલ, વલસાડ જિલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ સાદ બોગા, ધરમપુર તાલુકા કોંગ્રેસ પ્રમુખ રાજેશ પટેલ, તાલુકા કોંગ્રેસ મહામંત્રી મુફીદ પઠાણ, વલસાડ તા. કોંગ્રેસ પ્રમુખ કેતન સોલંકી, કપરાડા તા. કોં.પ્રમુખ ઈશ્વર તુમડા.સહિત કોંગ્રેસના આગેવાનો તથા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. .